દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪

# ફેબ્રુઆરી સુધી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની અવકાશમાં આકરી કસોટી થશે

અમેરિકી અવકાશ સંસ્થા નાસા હાલ થોડા સમય પહેલા એ નિર્ણય પર પહોચી છે કે બોઇંગની મુશ્કેલીગ્રસ્ત નવી કેપ્સ્યુલમાં બે અવકાશયાત્રીઓને પૃથ્વી પર લાવવાનું ખૂબ જોખમી છે અને તેમણે સ્પેસએક્સના યાન વડે પૃથ્વી પર પરત ફરવા માટે આવતા વર્ષ સુધી રાહ જોવી પડશે. બંને માટે જે એક સપ્તાહની ટેસ્ટ ફ્લાઇટ હતી તે હવે આઠ મહિના કરતા વધુ સમયની બની ગઇ છે. નાસાના બે પીઢ અવકાશયાત્રીઓ બુચ વિલ્મોર અને ભારતીય મૂળની સુનીતા વિલિયમ્સ જૂનની શરૂઆતથી અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ફસાઇ ગયા છે. બોઇંગના જે અવકાશયાનમાં તેઓ ગયા હતા તેમાં થ્રસ્ટરની સમસ્યા સર્જાતા અને હિલિયમ લીક થતા આ યાન વડે તેમનું પૃથ્વી પર પરત ફરવાનું જોખમી બનતા તેમણે ત્યાં જ રોકાઇ જવું પડ્યું છે. ઘણી ચર્ચા વિચારણાઓ પછી નાસાના સૌથી ઉચ્ચ સ્તરે નિર્ણય લેવાયો હતો કે બુચ વિલ્મોર અને સુનીતા વિલિયમ્સને સ્પેસએક્સના અવકાશયાન વડે ફેબ્રુઆરીમાં પૃથ્વી પર પરત લાવવામાં આવશે. બોઇંગની ખાલી સ્ટારલાઇનર કેપ્સ્યુલને આ બંનેને લીધા વિના જ પૃથ્વી પર પરત આવી ગઇ છે. આ યાન આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પરથી અનડોક થશે અને ઓટોપાયલોટ મોડ પર પૃથ્વી પર પરત ફર્યું. તે ન્યૂ મેક્સિકોના રણ પ્રદેશમાં ઉતર્યું હતું. આ દરમ્યાન, સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર બંને હજી અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર જ છે. સુનીતા વિલિયમ્સે કબૂલ્યું હતું કે તેઓ જે યાનમાં સવાર થઇને અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર આવ્યા હતા ત્યાંથી આ યાનને તેમને લીધા વિના જ પરત જતું જોવું દુઃખદ હતું. બાદમાં આ યાન સહીસલામત પૃથ્વી પર ઉતરી ગયું તે પછી આ બંને અવકાશયાત્રીઓને કદાચ વધુ દુઃખ અને પસ્તાવો થયા હશે કે તેઓ પણ જોખમ ખેડીને આ યાનમાં પૃથ્વી પર જતા રહ્યા હોત તો સારું રહેતે. પરંતુ અમેરિકી અવકાશ સંસ્થા નાસા કોઇ જોખમ લેવા માગતી ન હતી. કોલંબિયા સ્પેસ શટલની દુર્ઘટનામાં તેણે ભારતીય મૂળની કલ્પના ચાવલા સહિત પોતાના સાત જેટલા અવકાશયાત્રીઓને ગુમાવ્યા પછી નાસા સ્વાભાવિક રીતે કોઇ જોખમ લેવા માગતી ન હતી. તે પહેલા બનેલી ચેલેન્જરની દુર્ઘટના પણ ખૂબ દુઃખદ હતી.

આમ પણ અવકાશયાત્રા એક ખૂબ જોખમી સાહસ હોય છે એમ નાસાએ હાલમાં જ કહ્યું છે. સાજા સમા યાન વડે પણ અવકાશયાત્રીઓને પૃથ્વી પરથી અવકાશમાં લઇ જવાનું અને અવકાશમાંથી પૃથ્વી પર પરત લાવવાનું ખૂબ જોખમી હોય છે. ચેલેન્જર યાન અવકાશમાં રવાના થતી વખતે બળી ગયું તો તેના વર્ષો પછી કોલંબિયા યાન અવકાશમાંથી પૃથ્વી પર પરત આવતી વખતે પૃથ્વીથી ઘણી ઉંચાઇએ સળગી ગયું. આ બંને ઘટનાઓમાં નાસાએ પોતાના અમૂલ્ય અવકાશયાત્રીઓને ગુમાવ્યા. યાનોની કિંમતનું તો હજીયે સમજયા, પણ કિંમતી માનવ જીંદગીઓ, અને તે પણ કેળવાયેલા અવકાશયાત્રીઓની જીંદગીઓ જવી ખૂબ દુઃખદ હતું. અવકાશમાં ફસાઇ ગયેલા સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પરથી અવકાશમાંથી જ એક પત્રકાર પરિષદને સંબોધન કર્યું તેમાં તેમણે બંનેએ એ મુજબ કહ્યું કે તેમને પોતાના કુટુંબની યાદ આવી રહી છે. બુચ વિલ્મોર બે વહાલી પુત્રીઓ સહિતના કુટુંબીજનોને પૃથ્વી પર મૂકીને આવ્યા છે. પૃથ્વી પર સુનીતાના કુટુંબમાં તેમના પતિ જ છે, બીજા સ્વજનો અમેરિકા અને ભારતમાં છે પરંતુ નજીકના કુટુંબમાં પતિ છે. તેમને બે પાળેલા કૂતરા પણ યાદ આવે છે. અવકાશયાત્રીઓ પણ આખરે માણસ છે અને તેમને પણ લાગણીઓ હોય જ તે સ્વાભાવિક છે. હવે ઓછામાં ઓછું ફેબ્રુઆરી સુધી તો સ્વજનોનો વિરહ સહન કરવો જ પડશે. બીજી પણ અનેક તકલીફો તેમણે સહન કરવી પડશે. ફક્ત એક સપ્તાહની અવકાશયાત્રાની તૈયારી સાથે તેઓ અવકાશમાં ગયા હતા અને હવે મહિનાઓ સુધી ત્યાં રોકાવું પડે છે તેથી તેની અસર તેમના શરીર પર પણ થવા માંડી હશે. હાડકાઓની ઘનતા ઓછી થતી અટકાવવા તેમણે હાલમાં દરરોજ બે કલાક કસરત કરવી પડે છે. તેમને આંખમાં તકલીફ, પથરીની સમસ્યા વગેરે તકલીફો પણ થઇ શકે છે. ટૂંકમાં, ફેબ્રુઆરી સુધી અવકાશમાં રોકાણ કરવું પડશે ત્યાં સુધી તેમની આકરી કસોટી થશે.



અવકાશયાત્રાને લગતો એક બીજો મહત્વનો બનાવ હાલમાં બની ગયો. જેમાં ખાનગી અવકાશયાત્રી અબજપતિ જેરેડ આઇઝેકમેન વિશ્વનું સૌપ્રથમ સ્પેસવોક કરીને પૃથ્વી પર પરત ફર્યા છે. તેમની એક સહાયકે પણ સ્પેસએક્સના યાનમાંથી સ્પેસવોક કર્યું. જો કે અવકાશયાનમાંથી તેઓ પુરા બહાર પણ નિકળ્યા ન હતા. યાનનું ઢાંકણ ખોલીને માંડ અડધુ શરીર બહાર કાઢીને કેટલોક સમય સુધી ઉભા રહ્યા તેને સ્પેસવોક ગણવામાં આવ્યું. અને આ સ્પેસવોક પણ ખૂબ જોખમી હતું. આપણે અગાઉ પણ અહીં ચર્ચ્યું હતું કે બિનજરૂરી તમામ અવકાશયાત્રાઓ ટાળવી જોઇએ. ખાનગી અવકાશયાત્રાઓને બહુ ઉત્તેજન આપવા જેવું લાગતું નથી. જોખમ ઉપરાંત તેમાં બીજા પણ નુકસાનના પરિબળો રહેલા જણાય જ છે.

## વિશ્વાસથી આગળ

**ચાર્જિંગ પોઈન્ટ — હેતા ભૂષણ**

એક રસ્તા પર નટ ખેલ કરી રહ્યો હતો. તેના અજબ ખેલને જોવા ઘણાં લોકો ભેગાં થયાં હતાં. નટે પોતાનો સૌથી અઘરો ખેલ શરૂ કર્યો.બે માળ જેટલી ઊંચાઈ પર બાંધેલા એક કડક દોરડા પર, તે સડસડાટ પોતાના બાળકને ખભા પર લઈને ચઢી ગયો અને હાથમાં વાંસ લઈને ખભા પર પોતાના દીકરાને બેસાડીને દોરડા પર ચાલવા લાગ્યો અને જીવ હાથમાં લઈને ઘડીક વારમાં સામે પાર પહોંચી ગયો.

ખેલ જોતી ભીડ આ જીવસટોસટનો ખેલ જોઇને આશ્ચર્યથી ઉછળી પડી અને તાળીઓથી તેમણે પેલા નટને અને તેની હિંમતને વધાવી લીધી.બધા તેનો ફોટો પાડવા લાગ્યા.ઘણા વન્સ મોર ..વન્સ મોરની મગની કરવા લાગ્યાં.

કલાકારે માઈક હાથમાં લીધું અને બધાનો આભાર માન્યો અને પછી કહ્યું, 'શું તમે ફરી આ ખેલ જોવા માંગો છો?'બધાએ હા પાડી. કલાકારે પૂછ્યું, 'શું તમને લાગે છે કે હું ફરી આ રીતે નીચે પડ્યા વિના સમતોલન જાળવી ચાલી શકીશ?' બધાએ કહ્યું, 'હા, હા.અમે હમણાં જ જોયું તમે કેટલો સરસ ખેલ કર્યો. તમારામાં હિંમત અને આવડત બંને છે.'કલાકારે પૂછ્યું, 'શું તમને પાકો વિશ્વાસ છે મારી ઉપર કે હું ફરી સફળ થઈશ? ભીડમાંથી, 'હા હા ચોક્ક્સના' પોકારો ઊઠ્યા. કલાકારે ફરી પૂછ્યું, 'ચોક્કસ મારી ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે તમને બધાને?'ભીડમાંથી ફરી જવાબ મળ્યો,'હા,હા ચોક્કસ'કલાકારે કહ્યું, 'તો ઠીક, ચાલો તમારામાંથી કોઈ મને પોતાનું બાળક આપો જેને હું મારા ખભે બેસાડીને ફરી ખેલ શરૂ કરું.'કલાકારની આ માંગણી સાંભળી એકાએક ભીડમાં સોપો પડી ગયો.બધા શાંત થઈ ગયા અને ચુપચાપ એકબીજાની સામે જોવા લાગ્યાં.બધા પોતાનાં બાળકોને લઈને ખેલ જોવા આવ્યાં હતાં, પણ કોઈ પોતાના બાળકને ખેલનો ભાગ બનવા દેવા તૈયાર ન હતું. કલાકારે હસીને કહ્યું, 'કેમ ડરી ગયા.હમણાં સુધી તો મારી પર તમને હું ખેલ ફરી કરી શકીશ તેવો પૂરેપૂરો વિશ્વાસ હતો તે કયાં ગયો? તમને મારી પર વિશ્વાસ છે પણ વિશ્વાસથી આગળ વધીને સંપૂર્ણ ભરોસો નથી.' આ ખેલમાં જેમ ભીડને બધા ખેલ કરતા નટ પર ભરોસો નથી તેમ જીવનના ખેલમાં પણ આપણને ખબર છે, બધા ખેલ ઈશ્વર કરે છે તેની પર આપણને વિશ્વાસ છે પણ કંઈ પણ ન ગમતું કે અણધાર્યું થાય તો આપણે ડરી જઈએ છીએ, ગુસ્સો,તનાવ,ચિંતાથી ઘેરાઈ જઈએ છીએ કારણ કે ઈશ્વર બધું કરે છે તે વિશ્વાસ છે પણ એથી આગળ વધીને ભગવાન જે કરે છે તે બધું સારા માટે જ કરશે તે ભરોસો નથી રાખતાં. ભગવાનને બધું સમર્પિત કરી તેના પર દૃઢ ભરોસો કરવો જરૂરી છે.

**પ્રતિબંધિત હોવા છતાં પ્લાસ્ટિકના ઝભલાનું ચલણ ઓછું થયું નથી, કારણકે એના ઠોસ વિકલ્પ ઊભા કરવા પર પૂરતું ધ્યાન જ અપાયું નથી**

# પ્લાસ્ટિક.. પ્લાસ્ટિક...

## કહેવાની વાત

**નેહા શાહ**

દર વર્ષે ૯.૩ મિલિયન ટન પ્લાસ્ટિકનો કચરો પેદા કરીને ભારતે વિશ્વના દેશોની યાદીમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિશ્વના કુલ પ્લાસ્ટિક કચરામાં પાંચમા ભાગનું યોગદાન ભારત કરે છે. તાજેતરમાં 'નેચર'નામના ખ્યાતનામ જર્નલમાં છપાયેલા એક અભ્યાસના આ આંકડા છે. ભારત મોટો દેશ છે એટલે અહીંથી કચરો પણ વધારે નીકળે છે. માથાદીઠ ગણતરીમાં આપણે ઘણાં પાછળ છીએ.

વિશ્વનું આશરે ૭૦ ટકા પ્લાસ્ટિક પ્રદૂષણ ૨૦ દેશો કરે છે, જેમાંના ચૌદ દેશો ઓછી કે મધ્યમ આવક ધરાવતા દેશો છે. જ્યારે પ્લાસ્ટિકનો મહત્તમ ઉપયોગ અમીર દેશો કરે છે અને કચરો પણ વધારે પેદા કરે છે. પણ, તેમનું નામ મહત્તમ કચરો પેદા કરનાર યાદીમાં નથી આવતું કારણકે તેઓ લગભગ ૧૦૦ ટકા કચરાના નિકાલ પર નિયંત્રણ છે. પ્લાસ્ટિકના વપરાશ કરતાં વધારે ગંભીર પ્રશ્ન એના નિકાલમાં થતાં ગેરવહીવટનો છે, કારણકે મોટા ભાગના ઉત્સર્જનનો નિકાલ નિયંત્રિત વ્યવસ્થાની પહોંચની બહાર છે. સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણ કાર્યક્રમ (UNEP)ના અભ્યાસ પ્રમાણે ભારતમાં ૮૫ ટકા પ્લાસ્ટિકના કચરાના નિકાલ પર કોઈ નિયંત્રણ નથી. આ કચરામાં મુખ્યત્વે એક વપરાશી પ્લાસ્ટિક જ હોય છે જેને ગમે ત્યાં ફેંકી દેવાય કે પછી રસ્તા પર જ કચરાની ઢગલી સાથે બાળી નખાય છે, જે કાર્બન ડાયોક્સાઈડનું ઝેર હવામાં ફેલાવે છે કે પછી જ્યાં ત્યાં ફેંકેલો કચરો છેવટે ગટર થકી નદીઓ અને સમુદ્ર સુધી પહોંચે છે અથવા જમીનમાં દટાએલો રહે છે, પરિણામે પ્લાસ્ટિકના અતિ સૂક્ષ્મ કણો માણસ સહિત સમગ્ર જીવસૃષ્ટિના શરીરમાં પ્રવેશી રહ્યા છે! જો આ કચરાની આરોગ્ય પર થતી અસરની કિંમત આંકવામાં આવે, સાથે પર્યાવરણને થતાં નુકસાન અને નિકાલની વ્યવસ્થાનો ખર્ચ ઉમેરવામાં આવે તો એની કિંમત ભારતની જીડીપી કરતાં વધી જાય!

પ્લાસ્ટિક સામે જંગ લડવા જુલાઈ ૨૦૨૨ માં સમગ્ર ભારતમાં એક વપરાશી પ્લાસ્ટિક (સિંગલ યુઝ પ્લાસ્ટિક) પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. જેમાં પ્લાસ્ટિકની ચમચી, સ્ટ્રો, સળી, સુશોભન માટે વપરાતા થરમૉકૉલ અને ૧૨૦ માઈક્રૉનથી પાતળી કોથળી - જે ઝભલા તરીકે ઓળખાય છે - એનો સમાવેશ કરાયો. થોડા સમય સુધી દરેક રાજ્યની સરકારે એનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો જે ખૂબ ઝડપથી મોળો પડી ગયો. દરેક રાજ્યમાં એની અસરકારકતા અલગ હતી તોયે એક વાત લગભગ બધે સરખી હતી કે પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરી કાયદાનો ભંગ કરવા બદલ નાના વેપારીઓ અને લારી ચલાવનારા પાસે દંડ વસૂલવામાં આવ્યો પણ પ્લાસ્ટિકની વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરતાં એકમો પર ખાસ આંચ આવી નહીં. એમનું ઉત્પાદન અવિરત ચાલુ જ રહ્યું. જેટલું ઉત્પાદન થશે એટલો કચરો થવાનો જ છે!

> **પ્લાસ્ટિકનો મહત્તમ ઉપયોગ અમીર દેશો કરે છે પણ, તેમનું નામ કચરો પેદા કરનાર યાદીમાં નથી આવતું કારણકે તેઓ લગભગ ૧૦૦ ટકા કચરાના નિકાલ પર નિયંત્રણ છે. પ્લાસ્ટિકના વપરાશ કરતાં વધારે ગંભીર પ્રશ્ન એના નિકાલમાં થતાં ગેરવહીવટનો છે**

આ અભિયાનમાં લોકોની ભાગીદારી વધારવા અને કાયદાનો અસરકારક અમલ થઈ શકે એ માટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે એક મોબાઈલ એપ બનાવી જેના દ્વારા લોકો પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉત્પાદન અને વપરાશ અંગે ફરિયાદ નોંધાવી શકે.

ફરિયાદના નિવારણનો દર શરૂઆતથી જ ઓછો હતો જે સમય જતાં વધુ ને વધુ નીચો ગયો. ૨૦૨૪ ના મે મહિના સુધી માત્ર ૧૯ ટકા ફરિયાદો અંગે પગલાં લેવાયાં હતાં. સ્વાભાવિક રીતે પ્લાસ્ટિકના રાક્ષસ સામેની લડાઈમાં લોકોની ભાગીદારીનું પ્રમાણ પણ ઝડપથી મંદ પડી ગયું. આ ઉપરાંત જેનું ચલણ રોજિંદા વ્યવહારમાં વ્યાપક છે એવી પ્લાસ્ટિકની કોથળી જેવી વસ્તુ પરનો પ્રતિબંધ ત્યારે જ અસરકારક બની શકે જ્યારે લોકો પાસે એનો વિકલ્પ હોય. આજે પ્રતિબંધિત હોવા છતાં પ્લાસ્ટિકના ઝભલાનું ચલણ ઓછું થયું નથી, કારણકે એના ઠોસ વિકલ્પ ઊભા કરવા પર પૂરતું ધ્યાન જ અપાયું નથી. વિશ્વ હવે એ તબક્કે છે કે જ્યાં પ્લાસ્ટિક ઉત્સર્જનના નિકાલની વ્યવસ્થાની ક્ષમતા કરતાં કચરાનું પ્રમાણ વધી ગયું છે - જેને 'ઓવરશૂટ'કહેવાય છે. વિશ્વ માટે ૫ સપ્ટેમ્બર ૨૦૨૪નો દિવસ 'પ્લાસ્ટિક ઓવરશૂટ દિવસ'હોવાનો અંદાજ છે. જો કે, ભારત એ પહેલાં ૨૩ એપ્રિલે જ'ઓવરશૂટ'કરી ગયું! નિકાલ કરતાં જ્યારે ઉત્સર્જન વધુ ઝડપે વધે છે, ત્યારે પ્રયત્નોની અસર દેખાતી જ નથી. એનો મતલબ એવો થયો કે કચરાને રિસાયકલ કરવા માત્રથી આ કટોકટીનો ઉકેલ આવવાનો નથી. પ્લાસ્ટિક બનાવતા સ્રોત ઘટાડવા માટેનાં આક્રમક પગલાં લેવાં જ પડશે. રાજકીય રીતે સૌથી અઘરું કામ એ જ છે કારણકે, ઉત્પાદનની શ્રૃંખલામાં ઘણાં લોકોનાં હિત સમાયેલાં છે - જેમાં કાચો માલ પૂરો પાડતી રિલાયન્સ પેટ્રોલિયમ્સ કે પેકેજિંગમાં પ્લાસ્ટિક વાપરતી મોટી મોટી કંપનીથી માંડીને નાના નાના ઉત્પાદકો પણ આવી ગયા.

ઉત્પાદકોનાં તો સ્થાપિત હિતો છે, પણ ગ્રાહક માંગ પર કાબૂ લાવી શકે તો ઉત્પાદન પર અસર પડશે. સવાલ એ છે કે પ્લાસ્ટિકે ઊભી કરેલી સગવડોનો ત્યાગ કરવા લોકો તૈયાર છે? જો સ્વચ્છ પાણીની વ્યવસ્થા ઊભી કરી તો પાણીની બોટલથી બચી શકાય, શાક માર્કેટમાં મળતા ઝભલાને છોડવા ઘરેથી થેલી લઈ જવાય. રસ્તા પર ચા માટે વપરાતા પ્લાસ્ટિકના ગ્લાસ છોડવા સ્ટીલના ગ્લાસને સરખા સાફ કરવાની વ્યવસ્થા ઊભી કરાય. લારી પર ખાવાની પ્લેટ સાથે આવતી પ્લાસ્ટિકની ચમચીનો ઉપયોગ બંધ કરવા સ્ટીલની ચમચી સાથે રાખી શકાય. આ ટેવ પાડવાનો સમય તો ક્યારનોય થઈ ગયો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વેપારનીતિ અને વિદેશનીતિ લાગણીથી નહિ તર્કથી સ્પષ્ટ હોવી જોઈએ

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

આપણે રેશનલ ઓછા અને ઈમોશનલ વધારે છીએ. આ આપણી નબળાઈ ગણો કે ખાસિયત ગણો પણ છે.બાકી ભારતમાં અત્યારે આંતરિક લેવલે જે ચાલે છે તે ચાલતું હોત? વિશ્વના વિકસિત દેશો અને ભારતમાં જાહેર વહીવટ અને પ્રજાકીય વર્તનની બાબતમાં જાણકારોનો મત હમેશાં એક જ રહ્યો છે કે વિકસિત દેશોમાં પ્રજા સ્પષ્ટ રીતે જાણે છે કે ક્યાં કામ સરકારને કરવાનાં છે અને ક્યાં કામ પ્રજાને? માટે જ મોટી આતંકવાદી દુર્ઘટનાઓ પછી ત્યાં વિકસિત દેશોમાં આંતરિક અશાંતિ ઊભી થતી નથી. કારણ, પ્રજા કાયદો અને વ્યવસ્થાનું કામ સરકારના માથે રાખે છે.

ભારતમાં પાકિસ્તાનપ્રેરિત આતંકવાદી હુમલા કરે અને પછી ભારતીય લશ્કર કાર્યવાહી કરે પછી ભારતનું આંતરિક જાહેર જીવન ડહોળાઈ જાય.ખાસ તો બે બાબતો ચર્ચામાં આવી જાય છે. એક પાકિસ્તાની કલાકારો અને તેમના કાર્યક્રમો ..તેમણે કરેલી ફિલ્મો ...વગેરેનું શું કરવું ....... અને બે ચીનના માલનો બહિષ્કાર કરવો.

પ્રજા ઈમોશનલ થઈ ગઈ છે ને નેતાઓ સ્પષ્ટ નીતિ ઘડવાને બદલે પ્રજાના આ ઈમોશનને તીવ્ર બનાવી રહી છે ત્યારે થાય છે કે ખરેખર પ્રશ્ન કયાં છે? પ્રશ્ન છે સ્પષ્ટ વિદેશનીતિ અને વેપારનીતિના અમલમાં

કોઈ પણ દેશના આંતરિક વેપાર અને આંતર રાષ્ટ્રીય સંબંધોનો આધાર જે તે દેશની વેપારનીતિ પર હોય છે, જે સરકારે નક્કી કરવાની હોય છે.

આપણા દેશમાં કયા દેશમાંથી લોકો આવશે? કયા દેશમાંથી સરળતાથી આવશે અને ક્યા દેશમાંથી આવવું મુશ્કેલ બનશે તે સરકારની નીતિ મુજબ હોવું જોઈએ. ભારતમાં ઘઉં વેચવા,ચા વેચવી, ફિલ્મ વેચવી કે ગીત વેચવા...કોમ્પ્યુટર એન્જિનિયરીંગ માટે કામ કરવું કે કડિયા કામ કરવું, કોઈ પણ વિદેશી નાગરિક માટે તેના સ્પષ્ટ નિયમ હોય,હોવા જ જોઈએ...કોણ કામ કરશે ક્યારે કામ કરશે તેના નિયમ હોય અને તે બાબતો પ્રજાના લાગણીશીલ આવેગો આધારિત ના હોવી જોઈએ. આપણને યાદ છે કે જ્યારે અટલજીની સરકારે પરમનું પરીક્ષણ કર્યું ત્યારે અમેરિકાએ ભારત પર પ્રતિબંધો લાદ્યા હતા. સામે પક્ષે ભારતમાં પ્રજાએ કોકાકોલા અને પેપ્સીકોલાની બોટલો રસ્તા પર ફોડી હતી.

....જેમ વેપાર માટેના કરાર કરવામાં આવે છે તેમ વેપાર નહિ કરવા માટેના પણ કરાર થાય. અગાઉના કરારો રદ થાય.આમ જોવા જાવ તો ચીનના પ્રમુખ ભારત આવ્યા હતા.આપણા પ્રધાનમંત્રી પાકિસ્તાન જઈ આવ્યા હતા પણ એ તમામ ડીપ્લોમસી કામ આવી નહિ..કહો કે આ તમામ વિદેશ પ્રવાસો કામ લાગ્યા નહિ કારણ? કારણ આપણી નીતિઓ આજે પણ લાગણીશીલ ને વ્યક્તિલક્ષી છે.રાષ્ટ્રલક્ષી નીતિઓ તો બેઠા બેઠા જ ઘડાય અને વેપાર ધંધાના લાંબા ગાળાના લાભને આધારે ઘડાય .....અને હા ....લાંબા ગાળા પરથી યાદ આવ્યું કે આંતર રાષ્ટ્રીય સંબંધ અને વેપારમાં સમયનું તત્ત્વ મહત્ત્વનું છે.ફિલ્મનિર્માતા કરણ અને અનુરાગની વાત સાવ નાખી દેવા જેવી નથી.ફિલ્મ બનતાં વર્ષ બે વર્ષ નીકળી જતાં હોય છે.હવે જ્યારે ભારતના સંબંધો સારા હોય ત્યારે તો નિર્માતાને ખબર ના હોય કે વર્ષ પછી પાંચ સાત તોફાની તત્ત્વો બે દેશના સંબંધો બગાડી નાખશે અને મારા કરોડો રૂપિયા દાવ પર લાગશે.અરે ઘણી વાર ફિલ્મ બની જાય પછી ફિલ્મનો કોઈ કલાકાર પોતાનો કોઈ વ્યક્તિગત મત આપે અને એ કલાકારના વિરોધમાં સહન ફિલ્મને કરવું પડે માટે જ ઘણી વાર સિનેમા માલિકોએ સલામતીનાં કારણોસર ફિલ્મને રજૂ કરવાની ના પાડી દે છે.માલિકોને ચિંતા છે કે લોકો તોફાન કરશે અને ટોકીઝને નુકસાન પહોંચાડશે અને ત્યારે સરકારની જવાબદારી છે કે તે આંતરિક કાયદો અને વ્યવસ્થાનો ભરોસો આપે.તોફાનીઓને દેશપ્રેમના નામે કોઈની સંપત્તિને નુકસાન કરવાનો,પહોંચાડવાનો હક નથી. ઘણું વિચિત્ર છે પણ સત્ય છે કે કોરોનાકાલમાં પણ આવક બંધ ના રહે તે માટે દુબઈ અને શારજહાંમાં આઈ પી એલ રમતો રમાઈ. ભારતના વર્લ્ડ કપ સમયે ભારત પાકિસ્તાન રમ્યા અને બોર્ડને ખૂબ આવક થઈ. હવે પાકિસ્તાનમાં મેચ રમવાની છે તો ભારતીય ટીમ જવાની નથી.આપણે ખરેખર તો રમવું કે ના રમવું તે નક્કી કરવાનું હોય. એક જગ્યાએ રમવાનું અને બીજી જગ્યાએ નહીં એવું ના હોય. ચીનનું લસણ બજારો સુધી પહોંચે ,ચીનના ફોન બજારોમાં ફેલાય અને પછી નાગરિકોને ઉપદેશ આપવાનો કે વિદેશી વસ્તુ ના ખરીદો એવું વિદેશનીતિમાં ના ચાલે!

યાદ રહે, ત્રાસવાદીઓ આ જ તો ઈછે છે.દેશમાં આંતરિક અસંતોષ ઊભો થાય. દેશના ધંધા રોજગાર જોખમાય.અનિશ્ચિતતા ઊભી થાય. આજે ફિલ્મનિર્માતા કાલે વેપારીઓ આ દેશમાં રોકાણ અને ધંધા માટે વિશ્વાસ કોને પડશે? આપણે પાકિસ્તાન કે ચીનને બતાવી આપવાના બદલે આપણા જ રોકાણકારોને બતાવી આપીએ છીએ અને આ બધાનાં મૂળમાં છે આપણી અનિર્ણાયક વિદેશ વેપાર નીતિ. સરકાર સત્વરે ચીન અને પાકિસ્તાન સાથેના સંબંધો સ્પષ્ટ કરે, કોને આવવું ,કોને કામ કરવું .ક્યા પ્રોજેક્ટમાં સાથે રહેવું અને ક્યામાં નહિ. આ બધું જ સ્પષ્ટ હોય.ગુજરાતમાં જે કરારો થાય છે તેનું શું કરવાનું છે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

### વિરામચિહ્નો

વિરામ એટલે અટકવું એટલો વિરામચિહ્નનો મર્યાદિત અર્થ નથી. ભાષાના પ્રયોગમાં જ્યાં કયાંક પણ થોડું ઝાઝું થોભી જવાનું સ્વાભાવિક હોય ત્યાં જરૂરિયાત પ્રમાણેનું તે તે આકારનું નક્કી કરેલું નિશાન પૂર્ણ, અલ્પ, અધિ, મહાવિરામ, પ્રશ્નાર્થ, આશ્ચર્યસૂચક, અવતરણ વગેરે(લખતાં,વાંચતાં) થોભવાની નિશાની. વિરામચિહ્નથી લખાણ વાંચવામાં અને તેનું તાત્પર્ય સમજવામાં ઘણી સરળતા પડે છે. વિચારોની પરસ્પર સંકલના એથી સ્પષ્ટ થાય છે. બોલતી વખતે વ્યક્તિ અવાજના આરોહ-અવરોહ, જુદી-જુદી ચેષ્ટાઓ, મોં પરના ભાવ વગેરે દ્વારા પોતાનો અર્થ કે ભાવ પ્રગટ કરી શકે છે. લખતી વખતે એવો અર્થ કે ભાવ પ્રગટ કરવા વિરામચિહ્નો વપરાય છે. વિરામચિહ્નો યોજવાથી એ જ શબ્દો કે વાક્યમાંથી ભિન્ન ભિન્ન અર્થો પ્રગટ કરી શકાય છે. દા.તા. ચોરી કરવી નહિ, કરનારને શિક્ષા થશે. 2. ચોરી કરવી, નહિ કરનારને શિક્ષા થશે. વિરામચિહ્નો મહત્વનાં છે પણ લખવા કે બોલવામાં ભૂલ થાય તો અર્થનો અનર્થ થઈ જાય છે. વિચાર-વાણીમાં વિશ્રામ જરૂરી છે. જ્યાં ન સમજાય તો ન બોલવું અથવા ઓછું બોલવું. મૂંગા રહેવામાં પણ શાણપણ છે. ટૂંકમાં બોલવામાં સંયમ કેળવવો પડે.

**નવસારી - કિશોર આર. ટંડેલ**

### રાહુલ ગાંધી માટે મૌન જ શ્રેષ્ઠ છે!

વર્તમાન વિરોધ પક્ષ નેતા રાહુલ ગાંધી અને તેમની વાણી એ હંમેશા દેશમાં વિવાદ અને મુશ્કેલીઓનું નિર્માણ કર્યું છે એનો રાજકારણી ઈતિહાસનો અભ્યાસ કરતા સ્પષ્ટ જણાશે. હાલમાં જ અમેરિકાના પ્રવાસ ગયેલા વિરોધ પક્ષના નેતાએ ફરી વામી પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ભારતના શીખો વિશે અયોગ્ય નિવેદન આપ્યુ હતું અને પી.ઓ.કે.ને પાકિસ્તાનનો હિસ્સો ગણાવ્યો હતો તેમજ ભારત વિરોધી સાંસદ સાથે મુલાકાત કરી હતી. જેના પરિણામે દેશમાં ભારે વિવાદ સર્જાયો હતો જે પછી કોંગ્રેસ પક્ષમા વરિષ્ઠ નેતાઓ અને સાથી પક્ષોમાં નેતાઓએ પક્ષના હિતમાં 'ડેમેજ કન્ટ્રોલ'ની ભુમિકામા આવ્યા હતા અને રાહુલ ગાંધીના તમામ નિવેદનોને યોગ્ય અને વ્યાજબી છે એવુ જણાવ્યુ હતુ જે રાજકારણની દૃષ્ટીએ સમજી શકાય છે. પરંતુ ભારત લોકશાહી દેશ છે અને જનતા જનાર્દન છે એટલે દેશની જનતા ખુબ જ જાગૃત અને સમજદાર છે અને દેશના હિત અને અહિતમા શુ છે તે ખૂબ જ સારી રીતે જાણે છે એટલે આ કેસ દેશની જનતાની અદાલતમાં જ જવા દો!

**સુરત - રાજુ રાવલ**

### કુડાળાની જ દેશ ભક્તિ ?!

હમણા હું એક ઈલેક્ટ્રીક ઉપકરણ લેવા એક પ્રખ્યાત દુકાનમાં ગયો જેમાંથી મે ભારતીય બનાવટની ચીજ-વસ્તુ ખરીદી, સેલ્સમેને કહ્યુ આટલી કિંમતમાં તમને જાપાનની-કોરિયા કે ચીનની બનાવટની આ આઈટમમાં વધરાના પંકશન પણ મળે છે. મે સ્પષ્ટ કહ્યુ કે, હું મારા ઘરમાં ભારતીય બનાવટની જ ચીજવસ્તુ વાપરૂ છું. કેમ કે જ્યારે ભારતમાં રેલ આવે, ધરતી કંપ થાય, કોરોના થાય કે જે પણ કઈ આગ-અકસ્માત બને છે ત્યારે ભારતીય કું ઓ જ ભારતને કઈને કઈ રીતે મદદરૂપ થાય છે. વિદેશી વસ્તુ ખરીદી આપણા નાણા વિદેશમાં જાય છે ત્યાંથી જાપાન-ચીન કે કોરીયા એ ભારતને કોઈ પણ રીતે મદદ કરી નથી. પછી તેવી વિદેશી ચીજ-વસ્તુ શા માટે ખરીદવી જોઈએ? જે આપણી મુસીબતમાં ભારતીય નાગરિકો કે ભારત સરકારની પડખે ઊભી રહે તેવી જ કું. ઓની ચીજ-વસ્તુ ખરીદી ગૌરવ કેમ નહીં અનૂભવીએ? વિદેશી ચીજ વસ્તુનો મોહ ભારતમાં મોઘવારી વધારે છે, બેકારી ફેલાવે છે, ડોલર કઈ એમ જ ઊંચો નથી જતો તેમાં વિદેશ પ્રેમી ગ્રાહકોનો ખૂબ મોટો ફાળો છે અને પછી આપણે આપણા દેશના વહીવટને કોશીએ છીએ! આપણે રાષ્ટ્ર પ્રેમ ફક્ત રાષ્ટ્રીય પર્વના દિવસોમાં જ જોવા મળે છે, વાપરવું છે વિદેશનુ જોડા-ચંપલ, કપડા, મોટર, ગાડી, એ.સી., ફ્રિઝ લાઈટ-પંખા, વોશીંગ મશીન વ.વ. તો વિદેશી જ સારા એવું રાષ્ટ્ર દ્રોહીઓએ માની લીધુ છે અને બીજાઓને પણ વિદેશી કું.ની બનાવટના સાધનો ખરીદવા માટે સમજાવે છે! જ્યારે ભારતનો 50 ટકા ગ્રાહક જાગૃત થઈ ફક્ત ભારતીય ઉત્પાદનની જ ચીજ વસ્તુ ખરીદતો થશે તો ભારતમાં ફરીવાર સોનાની ચીડીયા ઉડવા માંડશે. અને તે કોઈ સરકાર નહી કરી શકે તે મતદાતાઓ જ કરી શકશે છે. આંતરરાષ્ટ્રીય ધંધાદારી પોલિસી હેઠળ ચીજ વસ્તુની આદાન પ્રદાન કરવું પડે તે એક પોલિસી હેઠળ આવે છે પણ જાગૃત ગ્રાહક અને સતર્ક ભારતીયોએ તો ફક્ત ભારતીય બનાવટની જ ચીજ-વસ્તુ ખરીદી કરી બોર્ડર પર ગયા વીનાના આ યુદ્ધમાં જોડાવાનું છે. આ જાણ્યા અને વાંચ્યા પછી જો તમે તેમ નહી કરો તો તમે ઘણા બધા ભારતીય હક્કો પણ ગૂમાવી દો છો.

**સુરત - પરેશ ભાટિયા**

### હિન્દુ-મુસ્લિમ એકતા

સુરતના સૈયદપુરા વિસ્તારમાં ગત રવિવારે ગણેશ મંડપ ઉપર બાળકો દ્વારા પથ્થર ફેંકવાની અનિચ્છનિય ઘટના ઘટયા બાદ સર્જાયેલી પરિસ્થિતિને પગલે પો.ક. ગેહલોટની હાજરીમાં સર્વધર્મિય અને શાંતિ સમિતિના સભ્યોની મીટિંગમાં પોલીસની અપીલને માન આપીને મુસ્લિમ સમાજે મોટુ મન રાખીને ભાગળથી નીકળતુ ઈદે મિલાદનું જુલુસ રદ કર્યું. પ્રોફેટ મહમ્મદ પયગમ્બરો જન્મ દિવસ ઈદે મિલાદ ઈસ્લામમાં બહુ મોટો પવિત્ર દિવસ ગણાય છે. શાંતિ સમિતિના સભ્યોએ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓએ એવો પણ નિર્ણય કર્યો છે કે જે લોકો પોતાના વિસ્તાર પૂરતું જુલુસ કાઢવું હોય તો સ્થાનિક પોલીસની પરાવનગી લઈને કાઢી શકશે. પણ તે સાંજ સુધીમાં કાઢવાનું રહેશે. સદ્ભાગ્યે રાજમાર્ગ પરથી ઈદે મિલાદનું જુલૂસ શાંતિથી પસાર થયું. જયાં કોમી ઘર્ષણનો બનાવ બન્યો એ સૈયદપુરામાં હિન્દુ સમાજે રીફાઇ બાવાની દરગાહના જુલૂસનું સ્વાગત કર્યું હતું. સુરત શહેરમાં તો વર્ષોથી કોમી એકતા જળવાયેલી રહી છે. દરેક કોમને એકબીજા પ્રત્યે પ્રેમ અને ભાઈચારાની લાગણી છે. ધંધામાં પણ બંને કોમ એકબીજા સાથે સંકળાયેલી છે. મારે ત્યાં કંઇ કેટલાય મુસ્લીમ ભાઈ બેનો સારવાર માટે આવે છે. હું કહું છું કે જયારે આવો કોઈ અનિચ્છનીય બનાવ બને ત્યારે 10-15 સમજદાર મુસ્લીમ અગ્રણીઓ અને મુસ્લીમ સમાજના સામાજીક કાર્યકરોએ પેપરમાં એક નિવેદન આપી આવી ઘટનાને વખોડી નાખવી જોઈએ. મહમ્મદ પયગમ્બર તો શાંતિ અને ભાઈચારાનો ઉપદેશ આપતા હતા. કુરાનમાં તો એવું કહ્યું છે કે કોઈ વ્યકિતને બળજબરીથી ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા દબાણ કરવું નહિ (મેં કુરાન વાંચ્યું છે એટલે લખું છું) એક વાત નિશ્ચિત છે કે દેશમાં હિન્દુ મુસ્લિમ પ્રજામાં એકતા પ્રેમ અને ભાઈચારો જળવાશે તો જ દેશ પ્રગતિ કરશે. ઈસ્લામ શબ્દ અરેબીક સ્લમ શબ્દ પરથી બન્યો છે, જેનો અર્થ શાંતિ અને શરણાગતિ થાય છે. શહેરના છાપરાભાઠા વિસ્તારમાં રામદેવ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ગણેશની સ્થાપના કરે છે. તેમનો હેતુ કોમી એકતા અને ભાઈચારાને સ્થાપિત કરવાનો છે. જહાં ઈશ્વર હૈ, વહાં હી ખુદા હૈ, તો ફિર બંદે કયું અલગ હો ગયે? મંદિરના ઘુમ્મટ અને મસ્જિદના મિનારા ઉપર આકાશ તો એક જ છે! હિન્દુ-મુસ્લિમ એકતા અમર રહો.

**સુરત- ડો. કિરીટ એન. ડુમસિયા**